
# BUSINESS મિત્ર Plus

# ઈરાન પર અમેરિકીએ હવાઈ હુમલાથી અખાતી તનાવ ચરમસિમાએ, ક્રુડમાં તેજીનું કમબેક



ઈરાનમાં ફોરડો, નાટાન્ઝ અને ઈસ્ફાહાન ન્યુક સાઈટસ પર અમેરિકાએ આક્રમક હુમલા કરતા ઈઝરાયેલ-ઈરાન વચ્ચેના યુધ્ધમાં સ્ટ્રેટેજિક કેલકયુલસ બદલાઈ ચૂકયું છે. હવે આગળ જતા યુધ્ધ લાંબા ગાળાની શાંતિમાં પલટાય છે કે લાંબા ગાળાનું વોર ઓફ એટ્રિશન બને છે એ કહેવુ લગભગ અસંભવ છે. રાજનીતિ હોય કે અર્થનીતિ, અમેરિકી પ્રેસિડન્ટને એટેન્શન શોક ટ્રીટમેન્ટની રણનીતિમાં ફાવટ આવી ગઈ છે. જયારથી ટ્રમ્પ સત્તામાં આવ્યા છે ત્યારથી એક પણ વીકન્ડ મોટી ઈવેન્ટ વીના ખાલી જાતો નથી. દરેક વીકએન્ડમાં કોઈક મોટી ઘટના બને છે જે બજારોમાં મોટા સ્વિંગ લાવે. આવી ઈવેન્ટ યા તો ટેરિફ સ્વરુપે ત્રાટકે છે યા તો વોર અથવા સ્ફોટક નિવેદનો રૂપે ત્રાટકે છે. આ ટ્રેન્ડને જોગાનુજોગ જ કહીએ, મેથોડિકલ મેનિપ્યુલેશન કહીએ તો વળી પાછા કોન્સીપરસી થીઅરીનું આળ લાગી જાય!!

સોનાચાંદી કે ઓઈલ જેવી વોર કોમોડીટીમાં ટ્રેડર્સ વીકએન્ડમાં ઓપન પોઝિસન ઉભી રાખે તો સોમવારે મોટા માર્જિન કોલ આવે એવો સેટઅપ હવે અપવાદ નહી પણ નિયમ બની ગયો હોય એવું લાગે છે. ઈઝરાયેલ-હમાસ વચ્ચે શુ થયેલી વોર હવે લેબેનોન, સિરિયા, યેમેન, ઈરાનમાં ફેલાઈ ચૂકી છે. અમેરિકાની સંડોવણી થતા હવે કૂટનીતિની ભાષામાં પાર્ટિ ઓઈ ઈન્ટરેસ્ટ તરીકે આઠ દેશો વોરથી સીધા પ્રભાવીત છે. યુરોપમાં રશિયા-યુક્રેન વચ્ચે વોર ચાલુ છે. આફ્રિકામાં ગ્રેટ લેક રિજીયન તરીકે ઓળખાતો પ્રદેશ પણ હોટસ્પોટ છે. લિથિયમ, કોબાલ્ટ, હીરા જેવા કિમતી સંસાધનોથી તરબતર એવો આ પ્રદેશ રવાન્ડા, કોંગો, બુરુન્ડી, યુગાન્ડા, તાન્ઝાનિયા જેવા દેશોમાં પણ છમકલા શરુ થયા છે. એ સીવાય મેડિટેરિયનમાં સર્બિયા-કોસોવો, એજીયન સીમાં ગ્રીસ-તૂર્કી-સાયપ્રસ, સેન્ટ્રલ એશિયામાં આરમેનિયા અન અઝરબૈઝાન વચ્ચે પણ તનાવ જેવી સ્થિતિ છે. ચીન-તાઈવાન અને ભારત-પાકિસ્તાન-બાંગલાદેશ વિસ્તારોમાં પણ ભારેલો અગ્નિ છે. આ સ્થિતિ વિશ્વયુદ્ધ જેવી નથી એમ કહીએ તો એ શાહમ્રુગી ચિંતન તરીકે જાતને છેતરવા જેવુ ગણાય. આગળ જતા યુધ્ધ વકરે તો ક્રુડઓઈલ, ગેસ સોનું, સ્વિસ ફ્રાન્ક, યુરો, ડોલર વગેરેમાં તોફાની ચાલ આવે.

ક્રુડની વાત કરીએ તો ઈરાન-ઈઝરાયેલ વોર પછી ૧૦ દિવસમાં જ ઓઈલ પરિવહન કરતા ટેન્કરના ભાડા ૪૦ ટકા વધી ગયા છે. ઓમાનના અખાતમાંથી ઓપન ઓસનમાં આવતા ક્રુડ અન ગેસ- માલસામાનના પરિવહન માટે હોરમુઝની સામુદ્રધૂની અત્યંત મહત્વનો જળમાર્ગ છે. વિશ્વનું ૨૦ ટકા તેલ આ માર્ગે પરિવહન થાય છે. જો ઈરાન હોરમુઝ જળમાર્ગમાં નાકાબંધી કરે તો તેલના ભાવ ૧૦૦ ડોલર વટાવી જાય એવી પ્રબળ શકયતા છે. હવે યુધ્ધ શાંત પડે તો પણ ક્રુડ નજીકના ભવિષ્યમાં ૬૦ ડોલર નીચે જાય એમ દેખાતુ નથી. ૪૦-૫૦ ડોલર ફેર વેલ્યુ અને ૨૦-૪૦ ડોલર રિસ્ક પ્રિમિયમ ગણીએ તો ક્રુડમાં નવો પ્રાઈસ ફલોર ૬૦-૯૦ ડોલર ગણાય. યુધ્ધ ફુલ સ્કેલ વોરમાં પરિણે, ઈજિપ્ત, લિબિયા, આરબ દેશો

**બિરેન વકીલ**

વગેરે પણ સીધી કે આડકતરી રીતે સંડોવાય તો ક્રુડ ૧૦૦ ડોલર વટાવી જાય એ શકયતા નકારાય નહી. આ મામલે હવે તૂક્કાબાજીને બદલે રીઅલ ઈમ બેસીસ પર વેલ્યુએશન કરતા રહેવુ પડે.

ઈરાન-અમેરિકા વોરને પગલે ક્રુડમાં મોટી તેજી થાય તો રૂપિયો, યેન, ભારતીય શેરબજારો કામચલાઉ દબાણમાં આવે, સોનું, સ્વિસ ફ્રાન્ક, યુરો, બીટકોઈનમાં નવેસરથી તેજી થાય. ઈમર્જિંગ બજારોમાં કોમોડિટી કરન્સી જેવી કે બ્રાઝિલ રિયાલ, ઈન્ડો રૂપિયો, ઓસી ડોલર, કેનેડિયન ડોલર જેવી કોમોડિટી કરન્સીને ફાયદો થાય, ક્રુડના નેટ આયાતકાર દેશો, ભારતીય

**બેન્કોની રેટવોર- સ્વિસ બેન્કે રેટ શૂન્ય કર્યા- ફેડે રેટ યથાવત રાખ્યા, ક્રુડની તેજીથી રૂપિયો, યેન, ભારતીય શેરબજારો કામચલાઉ દબાણમાં આવશે**

રુપિયો અને જાપાની યેન દબાણમાં આવે. ડોલરને સેફ હેવન એસેટનો કામચલાઉ લાભ મળે પણ આગળ જતા ફુગાવો વધવાના જોખમો, ફેડ વ્યાજદર ન ઘટાડે એવી શકયતા અને યુધ્ધને કારણે અમેરિકી બજેટ પર આવેલા દબાણથી ઓલરેડી નબળી અમેરિકી ફિસકલ કંડિશન ઘણી નબળી પડીને ડીડોલરાઈઝેશનને બુસ્ટ આપે. હાલમાં પ્વાહી પરિસ્થિતીમાં હોટમની અને ડિપમની કયા આશરો શોધે છે એ જ જોવાનું રહે.

દરમિયાન વ્યાજદરોમાં બેન્કો વચ્ચે તાલમેલ તૂટી ગયા છે. યુરોપ આક્રમક રેટકટ મોડમાં છે. સ્વિસ બેન્કે તો રેટકટ ઝિરો કરી નાખ્યા છે. આગળ પર રેટ નગેટિવ થઈ શકે એમ કહ્યું છે. દુનિયાભરમાંથી નાણાં સ્વિસ બેન્કોમાં ઠલવાય છે એટલે સ્વિસ ફ્રાન્કની તેજી રોકવા ઝિરો રેટ કર્યા છે. ૨૦૧૮માં સ્વિસ રેટ માઈનસ પોણો ટકા હતા. ઈસીબીએ આઠ વાર રેટ ઘટાડી બે ટકા કર્યા છે. નોર્વેએ પણ અચાનક રેટ ઘટાડયો છે. યુકેમાં રેટ ૪.૨૫ ટકા છે. એશિયામાં ચીનના રેટ ૩ ટકા, ભારતમાં ૫.૫ ટકા છે. એક માત્ર અમેરિકી ફેડે રેટકટ લાંબા સમયથી હોલ્ડ રાખ્યા છે. ફેડ રેટ કટ નહી ઘટાડે એવુ સમજી ચૂકેલા ટ્રમ્પે ફેડ ચેરમેન પોવેલ પર મિ લેટ, સ્ટુપીડ કહીને ફરીવાર અકળામણ ઠાલવી છે. પણ પોવેલ ગાજયા જાય એમ નથી. ટેરિફની અચોકકસતા, ક્રુડની તેજી જોતા પોવેલ જૂલાઈમાં પણ રેટકટ પાછો ઠેલો એ શકય છે. રિઝર્વ બેન્ક રેટકટ મોડમાં છે પણ ક્રુડની તેજી જોતા રેટકટ પાછો ઠેલાઈ શકે. હાલના સંજોગોમાં બજારોની દશા અને દીશા અચોકકસ છે એટલે આગાહીઓથી દૂર રહીએ. ડોલર-સ્વિસ ફ્રાન્ક-સોનું-યેન-ક્રુડ-યુરો પર બારીક નજર રાખીએ.

# ઈરાન-ઈઝરાયેલ વચ્ચેના યુદ્ધમાં અમેરિકા કૂદી પડતા શેરબજારમાં અસ્થિરતા વધશે

ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે ચાલી રહેલુ યુદ્ધ જીદમાં ફેરવાઈ ગયું છે અને હવે આ લડાઈમાં અમેરિકાએ એન્ટ્રી કરી દીધી છે, જેથી યુદ્ધ વધુ ગંભીર સ્વરૂપ ધારણ કરી દીધું છે. અમેરિકા બાદ હવે રશિયા, ચાઈના મહાસત્તાઓ વચ્ચેના જંગમાં પ્રવેશી રહ્યાના સ્પષ્ટ સંકેતોને જોતાં વિશ્વના માથે ત્રીજા વિશ્વયુદ્ધનું જોખમ ઝળુંબી રહ્યું છે. અમેરિકાએ બે સપ્તાહના સમય આપ્યાની જાહેરાત કરી હતી, પણ તેના ચોવીસ કલાકમાં જ ઈરાનના ત્રણ પરમાણુ સ્થાનો પર બોમ્બ ઝીંકીને સીધી જ એન્ટ્રી કરી દીધી છે, જે અનઅપેક્ષિત એન્ટ્રીથી વિશ્વના અન્ય દેશો પણ અંચબામાં મુકાઈ ગયા છે અને ઈરાન દ્વારા વળતો પ્રહાર શરૂ થઈ ગયો છે અને આ યુદ્ધમાં અન્ય દેશો રશિયા અને ચીન પ્રવેશી શકે છે. જો આ બંને દેશો પ્રવેશશે તો યુદ્ધ વધુ ગંભીર થશે, નહીંતર ઈરાન- ઈઝરાયેલ યુદ્ધના અંતને વાર લાગશે નહીં.

આ સ્થિતિમાં ગત સપ્તાહના અંતિમ દિવસે ભારતીય શેરબજારમાં જે યુ ટર્ન આવ્યો હતો અને નિફ્ટીએ 25100ની સપાટી કુદાવીને નવી તેજીના વરતારા જોવા મળ્યા હતા, તેને બ્રેક વાગી જશે અને આગામી સપ્તાહમાં ગેપડાઉન ઓપનીંગ થઈ શકે છે. આમ, ફરી એકવાર ભારતીય શેરબજારમાં અસ્થિરતાનો માહોલ જોવા મળી શકે છે.


જીયો પોલીટીકલ ટેન્શન ચાલી રહ્યું છે ત્યારે શેરબજારમાં મોટી ખરીદીથી દૂર રહેવું હિતાવહ છે, પણ એનર્જી તથા

**ક્રુડ ઓઇલની સપ્લાય ઉપર અસર પડશે, જેનાથી ક્રુડના ભાવ ઉછળતા ઓઇલ માર્કેટીંગ કંપનીઓને અસર કરશે**

ડિફેન્સ શેરોમાં મોટા કડાકા ભડાકા થાય તો ખરીદીની તક ઝડપી લેવી જોઈએ, કેમ કે જ્યારે જીયો પોલીટીકલ ટેન્શન દૂર થશે ત્યારે આ સેકટરમાં ઝડપી રીકવરી સાથે ઉછળવાની સંભાવના જોવા મળી રહી છે.

છેલ્લા સપ્તાહમાં ત્રણ દિવસ બજારમાં ઘટાડા વચ્ચે પણ વિદેશી રોકાણકારોની ખરીદી રહી હતી અને છેલ્લા દિવસે મોટા પાયે ખરીદી કરી હતી, આમ, વિદેશી રોકાણકારોની લેવાલીનો ટ્રેન્ડ જોતાં ભારતીય શેરબજારમાં મોટી ખાનાખરાબીની સંભાવના દેખાતી નથી અને સારા શેરોમાં રોકાણ કરવાથી લાભ જ થવાની સંભાવના છે. વૈશ્વિક યુદ્ધનો માહોલ હળવો થયા બાદ બજાર ફરી વિક્રમી તેજીની રાહે આગળ વધવાની પુરી શક્યતા છે.

**માર્કેટ વોચ**



આવતીકાલે સોમવારના રોજ નવા સપ્તાહની શરૂઆત બજાર માટે અશાંત રહી શકે છે. ઈઝરાયેલ અન ઈરાન તણાવ વચ્ચે કેટલાક સેકટર ચર્ચામાં રહેશે, જેમાં ડિફેન્સ, બેન્કીગ, રિન્યુએબલ એનર્જી, ફાર્મા અને આઈટી જેવા સેકટરનો સમાવેશ થાય છે. જોકે, ઈરાન-ઈઝરાયેલ યુદ્ધમાં અમેરિકાની એન્ટ્રીથી ફરી એકવાર ક્રુડ ઓઈલનો સપ્લાય ઘોંચમાં પડી શકે છે અને તેના લીધે ક્રુડ ઓઈલના ભાવોમાં ઝડપી ઉછાળો આવવાની સંભાવા છે. આ ઉછાળાથી ભારતને અસર કરશે, કેમ કે ભારત ક્રુડ ઓઈલની 85 ટકા આયાત કરે છે. ક્રુડ ઓઈલના ભાવ ઉછળતા ઓઈલ માર્કેટીંગ કંપનીઓના માર્જિનને સીધી અસર કરતી હોવાથી શેરોની કિંમતોને અસર કરશે. તેની સાથે ડિફેન્સ શેરોમાં પણ હલચલ જોવા મળી શકે છે, જેમાં પોઝિટિવ હલચલની સંભાવના દેખાઈ રહી છે.

રિન્યુએબલ સેકટરની દિગ્ગજ કંપનની હાલની સોલાર ઈપીસી ડીલને વધારીને રૂ. 246.92 કરોડની કરી દેવામાં આવી છે. જે પ્રોજેક્ટની કુલ વેલ્યુ રૂ. 1480.40 કરોડ થઈ ગઈ છે. આ ઓર્ડર 2012.47 મેગાવોટના પીક ગ્રાઉન્ડ માઉન્ટેડ સોલાર પ્રોજેક્ટ માટે છે.

આગામી સપ્તાહમાં આઈટી શેરોમાં મોટી વધઘટ જોવા મળી શકે છે કેમ કે વૈશ્વિક આઈટી દિગ્ગજ કંપની એક્સેન્ચરના પરિણામો છે, જેને સમગ્ર વર્ષમાં આવકમાં 6થી 7 ટકાની વૃદ્ધિની અપેક્ષા રાખી છે, જોકે, નવા બુકીંગમાં 6 ટકાનો ઘટાડો થયો છે, જ્યારે જનરેટિવ એઆઈ બુકીંગ 1.5 અબજ ડોલર રહ્યું હતું. પરિણામ બાદ અમેરિકી બજારમાં એક્સેન્ચરનો શેર 7 ટકા તૂટયો હતો.

# વિશ્વભરમાં સોનાની ખરીદીમાં ચાલી રહેલી હોડ: અનિશ્ચિતતાના માહોલમાં સેફ હેવન સોનાની માગ ઉછળી

2025ના વર્ષમાં સોનાની ખરીદીમાં નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે, જાણે કે વિશ્વભરમાં સોનાની ખરીદીની હોડ જામી હોય. રશિયા-યુક્રેન વચ્ચેના યુદ્ધ, અમેરિકાનું ટેરિફ વોર, ઈઝરાયેલ-ગાઝા-ઈરાન યુદ્ધ સહિતના જીયો પોલીટીકલ ટેન્શન વધતું જોવા મળી રહ્યું છે, જે વિશ્વને સેફ હેવન ગણાતા સોના તરફ લઈ જઈ રહ્યા છે. આ ઉપરાંત, ટેરિફ વોરની સામે ડોલર પરની નિર્ભરતા ઘટાડવા માટે પણ કેટલાક દેશો પ્રયાસ કરી રહ્યા હોવાના અહેવાલ છે અને તેના લીધે પણ ડોલરના બદલે સોના તરફ વળ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે.



2025ના સેન્ટ્રલ બેન્ક ગોલ્ડ રિઝર્વ સર્વેમાં માહિતી બહાર આવી છે કે, વિશ્વભરની કેન્દ્રીય બેન્કોએ સતત ત્રીજા વર્ષે 1000 ટનથી વધુ સોનુ ખરીદ્યું છે. જે છેલ્લા 10 વર્ષમાં દર વર્ષે સરેરાશ 400થી 500 ટન સોનુ ખરીદવામાં આવતું હતું. પરંતુ હવે આ આંકડો નોંધપાત્ર વધ્યો છે. વર્લ્ડ ગોલ્ડ કાઉન્સીલના સૌથી મોટા સર્વેમાં જાણવા મળ્યું હતું કે, 15 ફેબ્રુઆરીથી 20 મે, 2025 દરમ્યાન આ સર્વેમાં 73 કેન્દ્રીય બેન્કોએ ભાગ લીધો હતો. જેમાંથી 43 ટકા કેન્દ્રીય બેન્કોએ અનિશ્ચિત માહોલના કારણે સોનાની ખરીદી વધારી છે, જેઓ સોનાને સલામત વિકલ્પ માને છે. જે સોનાનો ભંડાર વધારવાની યોજના બનાવી રહી છે. જોકે, કોઈપણ બેન્ક સોનાને ઘટાડવાનું વિચારી રહી નથી. જ્યારે 95 ટકા કેન્દરીય બેન્કો માને છે કે, આ સયમગાળા દરમ્યાન વૈશ્વિક કેન્દ્રીય બેન્કોના સોનાના ભંડારમાં વધારો થતો રહેશે.

સોનાની ખરીદીમાં વૃદ્ધિ પાછળના બે મુખ્ય કારણ ગણી શકાય. જેમાં પ્રથમ વૈશ્વિક મેક્રો ઈકોનોમિક સમીકરણોમાં ફેરફાર અને બીજું ઉભરતા અર્થતંત્રો દ્વારા પરંપરાગત પશ્ચિમી ચલણો પરની તેમની નિર્ભરતા ઘટાડવાના પ્રયાસોનો સમાવેશ થાય છે.

**કોમોડિટી વોચ**

સેફ હેવન ગણાતા સોનાની ખરીદી ત્યારે જ થતી હોય છે, જ્યારે બજારમાં ઉથલપાથલ હોય. આ તેની વધતી માગનું મુખ્ય કારણ છે. વધુ એક મહત્વનું કારણ એ છે કે, આગામી વર્ષોમાં વૈશ્વિક અનામતમાં યુએસ ડોલરનો હિસ્સો ઘટી શકે છે. સર્વેક્ષણમાં લગભગ 73 ટકા કેન્દ્રીય બેન્કોએ આગામી પાંચ વર્ષમાં ડોલર હોલ્ડીંગ્સમાં મધ્યમથી મોટા ઘટાડાની આગાહી કરી રહી છે. બદલામાં યુરો તથા ચીની કરન્સી રેનમિન્બી અને સોનામાં રોકાણ વધી શકે છે. જોકે, વર્તમાન સ્થિતિમાં જોઈએ તો યુએસ ડોલરનું વેપારમાં લેણદેણમાં પ્રભુત્વ યથાવત છે અને નજીકના ભવિષ્યમાં તેમાં કોઈ મોટો ઘટાડો થવાની સંભાવના નહીંવત છે, પણ વિશ્વના કેટલાક દેશો યુએસ ડોલરનો વિકલ્પ શોધી રહ્યા હોય તેવુ લાગી રહ્યું છે અને તે પૈકી એક વિકલ્પ સોનુ થઈ શકે છે.

**ભારતીય રિઝર્વ બેન્ક સહિત વિશ્વભરની સેન્ટ્રલ બેન્કોએ સતત ત્રીજા વર્ષે 1000 ટનથી વધુ સોનાની ખરીદી કરી, મોટા ભાગની કેન્દ્રીય બેન્કોની આગામી પાંચ વર્ષમાં ડોલર હોલ્ડીંગ્સમાં મધ્યમથી મોટા ઘટાડાની આગાહી**

સેન્ટ્રલ બેંકો દ્વારા આ જંગી ખરીદીની સાથે અન્ય ઘણા કારણોસર સોનાના બજાર પર મોટી અસર જોવા મળી રહી છે. સોનાના બજારને અસર કરતા કારણોમાં અમેરિકન ચલણ એટલે કે ડોલર, ફુગાવો અને સોનાના દાગીનાની માંગનો સમાવેશ થાય છે. આ વર્ષે સોનાના ભાવમાં વધારો થવાનું કારણ કેન્દ્રીય બેંકો દ્વારા સોનાની મોટા પાયે ખરીદી પણ છે. સોનાની ખાણકામ કરતી કંપનીઓના ઉત્પાદનને અસર થવાના કારણે સોનાના ભાવ પર પણ અસર થાય છે. સોનાના ઉત્પાદક દેશોમાં ચીન, ઓસ્ટ્રેલિયા, રશિયા, કેનેડા અને અમેરિકાનો સમાવેશ થાય છે. ચાલુ કેલેન્ડર વર્ષના પ્રથમ છ માસમાં સોના-ચાંદીના ભાવમાં આકર્ષક તેજી જોવા મળી હતી. જેની પાછળનું કારણ પણ વિવિધ સેન્ટ્રલ બેન્કો અને સંસ્થાકીય રોકાણકારો દ્વારા સોનાની ખરીદીમાં વધારો હતુ.

# બજારના હાલના સંજોગોમાં ઘટાડે ખરીદીને ઉછાળે વેચવાનો અભિગમ જ યોગ્ય રહેશે

અત્યારે બજારમાં આનંદનો માહોલ છે કારણ કે નિફ્ટી અને સેન્સેક્સે તાજેતરની ઉંચાઇઓ ફરીથી હાંસલ કરી છે અને ઘણા બધા ઇન્ડીસીસ કંઇક રિકવરી બતાવી રહ્યા છે. વાસ્તવમાં સ્મોલ અને મિડ કેપ ઇન્ડિસીસ કંઇક નવેસરનો ઉત્સાહ બતાવી રહ્યા છે. ફક્ત બેન્ક નિફ્ટી અને આઇટી ઇન્ડિસીસ હજી કેચઅપ રમી રહ્યા છે. નિફ્ટીને આગળ વધવામાં સમય લાગ્યો તેનું એક કારણ એ પણ છે કે આ ઇન્ડેક્સમાં વજનદાર નામો બેન્કીંગ, આઇટી અને એફએમસીજીના છે અને તેમાંના મોટા ભાગના હાલ ધીમા રહ્યા છે.

પહેલા તો અમેરિકાના અર્થતંત્રના મજબૂત આંકડાઓ આવ્યા અને પછી સ્થાનિક સ્તરે જીડીપીના અણધાર્યા ઉંચા આંકડાઓ આવ્યા. આ બંનેએ બજારમાં ખરીદીને વેગ આપ્યો અને બજારમાં ફક્ત શોર્ટ કવરીંગની જગ્યાએ ખરેખરી ખરીદી દેખાઇ.


**ચાર્ટ એડવાઈઝ**

■ રાજા વેંકટરામન

જો કે જુન સિરિઝનો મોટો ભાગ રેન્જમાં વીત્યો છે અને હવે તે ઉંચે જવા માટે સજ્જ જણાય છે. જુન 2025માં એફઆઇઆઇએસએ પોતાની પોઝિશનો મેનેજ કરવા માટે નોન-લાઇનર અભિગમ અપનાવ્યો.

જો કે જીઓપોલીટિકલ સમાચારો કૂલડાઉન સ્થિતિ સર્જાવાનો સંકેત આપે છે. જયારે સોમવારે તે કેટલુક શોર્ટ કવરીંગ એકશન શરૂ થાય તો એક ગેપ સ્ટાર્ટ સંભવિતપણે જોવા મળી શકે છે. નોંધપાત્ર બાબત એ છે કે જયારે ઇન્ડેક્સ 15ના મહત્વના થ્રેશોલ્ડની નીચે ટ્રેડ કરી રહ્યો છે ત્યારે વોલેટાલિટી નોંધપાત્ર રીતે નાબૂદ થઇ ગઇ છે.

હવે પ્રશ્ન એ છે કે અહીંથી કયાં જવું? ચાર્ટ-1 સૂચવે છે કે આગામી સપ્તાહમાં રેન્જ બ્રેક આઉટનો ઉપયોગ કરીને કંઇક અપસાઇડ ગતિ સર્જાઇ શકે છે. આગામી સપ્તાહ માટે પણ આપણે ઘટાડે ખરીદીનો અભિગમ રાખી શકીએ. ટૂંકા ગાળાના ખેલાડીઓએ 24800ની નીચે મક્કમ સ્ટોપ રાખવો. ઉપલી બાજુએ 25200 વટાવતા નવી ઉંચાઇ સ્થપાવામાં મદદ મળી શકે છે.








**નીઓટ્રેડર**

**ફાયનાન્સની દુનિયામાં રહો આગળ!**

જો તમે શેરબજારમાં રિયલ ટાઈમ આંતરસૂઝ સાથે ટ્રેડિંગ કરવા માંગતા હોવ તો જોડાઓ નિઓટ્રેડર દ્વારા સંચાલિત ટેલિગ્રામ એડવાઇઝરી, CFO ગેઇન્સમાં. તો આ એડવાઇઝરીનો વિશેષ એક્સેસ મેળવવા ફક્ત નીચેની લિંક પર જાઓ અથવા અહીં આપેલો QR કોડ સ્કેન કરી તમારી વિગતો ભરો...

https://bit.ly/3Z9gg5v

NeoTrader


## TVSMOTOR: Cmp 2809.90




આ શેર ધીમે ધીમે રેન્જમાંથી બહાર આવી રહ્યો છે જ્યારે તે ૨૮૦૦ની આસપાસના કોન્સોલીડેશન ઝોનમાંથી એક મજબૂત બ્રેકઆઉટ કરવામાં સફળ રહ્યો છે. અમે નોંધ્યું છે કે કેટલાક ચોક્કસ ઓટો શેરો સંકેત આપી રહ્યા છે કે ટ્રેન્ડ્સે વધુ અપસાઇડને વેગ આપવાનું ચાલુ રાખ્યું છે અને આ શેર પણ તેની લોંગ બોડી કેન્ડલ સાથે વધુ અપસાઇડનો સંકેત આપી રહ્યો છે. જ્યારે મજબૂત બુલીશ ટ્રેન્ડ ઉભરી રહ્યા છે ત્યારે આગામી સપ્તાહમાં પણ આ પ્રવાહ ચાલુ રહેવાનું વિચારી શકાય. ૨૮૬૦ સુધીના વધારા માટે ૨૭૬૦ નીચે સ્ટોપ રાખીને સીએમપી પર અને ૨૭૮૦ નજીકના ઘટાડે લોંગ કરવા વિચારો.

## DMART: Cmp 4290.10




આ શેર ઝડપથી વધ્યો છે અને તે ૪૨૨૫ની આસપાસના કોન્સોલીડેશન ઝોનમાંથી બ્રેકઆઉટ થવામાં સફળ રહ્યો છે. FMCGમાં મજબૂત પ્રવાહો વધુ અપસાઇડને ઈંધણ આપવાનુ ચાલુ રાખ્યું છે અને આ શેર તેની રાઉન્ડિંગ પેટર્ન અને લોંગ બોડી કેન્ડલની સાથે વધુ અપસાઇડનો સંકેત આપે છે. જ્યારે મજબૂત બુલીશ પ્રવાહો ઉભરી રહ્યા છે ત્યારે આમાં પ્રવાહો આવતા સપ્તાહે પણ ચાલુ રહેવાનું વિચારી શકાય છે. ૪૪૦૦ સુધીના વધારા માટે ૪૨૦૦ નીચે સ્ટોપ રાખીને ૪૨૩૦ નજીકના ઘટાડે ખરીદી કરવાનું વિચારો.

**(લેખક ડો. સી.કે. નારાયણના નેજા હેઠળ 10થી વધુ વર્ષોના અનુભવી છે અને ચાર્ટ વડે દર અઠવાડિયે ચોક્કસ ભલામણ આપશે)**

**ડિસ્કલેમર:** આ ફક્ત 'ગુજરાતમિત્ર'ના વાચકોની માહિતી માટે છે અને તે કોઇ રોકાણની સલાહ નથી. આ માહિતીના આધારે તમારા દ્વારા લેવાયેલા કોઇ પણ પગલા માટે તમારી જ જવાબદારી રહેશે. ગુજરાતમિત્ર, ચાર્ટ એડવાઇઝ કે તેની સંલગ્ન કંપનીઓ અને કર્મચારીઓ તમારા દ્વારા લેવાયેલા આવા કોઇપણ પગલામાંથી ઉપજતા સંજોગો માટે કોઇ પણ રીતે જવાબદાર રહેશે નહીં.

**શેરબજાર અંગેના પ્રશ્નો લખી મોકલો ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩ના સરનામા પર અથવા ઇ-મેઇલ કરો અમને chartadvise@gujaratmitra.in પર**